# સુરત મહાનગરપાલિકા
# પ્રધાનમંત્રી આવાસ યોજના(PMAY)

## સુરત શહેરના જુદા જુદા વિસ્તારમાં આવાસ મેળવવાની સુવર્ણ તક
## (અરજીફોર્મ મેળવવા તથા જમા કરાવવાની તા.૦૧/૧૨/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી)
## આવાસની વિગત

| યોજનાનું નામ | સ્કીમ કોડ | આવાસનું સરનામું | આવાસોની સંખ્યા | અંદાજીત કારપેટ એરિયા (ચો.મી.) | કિંમત (રૂા.લાખમાં) | કુટુંબની વાર્ષિક આવક મર્યાદા (રૂા.) | અરજી સાથે ભરવાની ડિપોઝીટની રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| PMAY-EWS-II PHASE-3,4,5 | ૪૪ | **"સુમન સ્મિત"**, ટી.પી.નં.૪૩(ભીમરાડ), ફા.પ્લોટ નં. ૧૦૯, સિધ્ધી એલીપ્સ પાસે, ભીમરાડ ગામની પાછળ, ભીમરાડ, સુરત.<br>RERA REG.No.: PR/GJ/SURAT/SURAT CITY/ SUDA/MAA09152/111021 | ૯૨૮ | ૩૬.૦૦ ચો.મી. થી ૩૬.૫૦ ચો.મી. | ૫.૫૦ (સાડા પાંચ લાખ) + રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર) મેઈન્ટેનન્સ ડિપોઝીટ | ૩ લાખ સુધી | ૨૦,૦૦૦/– |
| | ૫૧ | **"સુમન નુપુર"**, ટી.પી.નં.૬૨ (ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૭૩, રીજન્ટ પ્લાઝાની બાજુમાં, ડીડોલી ગામ રોડ, ડીડોલી, સુરત.<br>RERA REG.No.: PR/GJ/SURAT/SURAT CITY/ SUDA/RAA10181/110522 | ૬૩ | | | | |
| PMAY-EWS-II PHASE-7 | ૫૬ | **"સુમન શિલ્પ"**, ટી.પી.નં.૧૩ (વેસુ–ભરથાણા), ફા.પ્લોટ નં.૧૬૫ + ૧૬૬, કેપીટલ ગ્રીન્સની સામે, વેસુ કેનાલ રોડ, ભરથાણા, સુરત.<br>RERA REG.No.: PR/GJ/SURAT/CHORASI/SUDA/ MAA10563/180822 | ૫૪૦ | | | | |
| PMAY-EWS-II PHASE-10 | ૫૯ | **"સુમન મૈત્રી"**, ટી.પી.નં.૪૬(જહાંગીરપુરા), ફા.પ્લોટ નં.૧૦૩, વિવેકાનંદ કોલેજની પાછળ, ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.<br>RERA REG.No.:PR/GJ/SURAT/SURAT CITY/ SUDA/RAA10518/300722 | ૮૦૮ | | | | |

(૧) અરજીફોર્મ કોટક મહિન્દ્રા બેંકની નીચે દર્શાવેલ શાખાઓ પરથી **તા.૦૧/૧૨/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં (જાહેર રજાઓ સિવાય)** બેંકના કામકાજના સમય દરમ્યાન રૂા.૧૦૦/– નિયત ફી ભર્યેથી અરજી ફોર્મ મેળવી શકાશે તેમજ અરજીફોર્મ સંપુર્ણ ભરીને પુરાવા તેમજ ડીપોઝીટના રૂા.૨૦,૦૦૦/– **"SURAT MUNICIPAL CORPORATION"** નામનો **PAYABLE AT SURAT** ના ડિમાન્ડ ડ્રાફટ સાથે ઉપરોકત તારીખો દરમ્યાન નીચે દર્શાવેલ કોઈપણ શાખામાં જમા કરાવી શકાશે.

(૨) એક વ્યકિતને એક જ ફોર્મ આપવામાં આવશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૩ નાં રોજ સાંજે ૪:૦૦ કલાક પછી નીચે દર્શાવેલ શાખાઓ ઉપર કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહી.

## "ફોર્મ મેળવવા તેમજ જમા કરાવવા માટે કોટક મહિન્દ્રા બેંકની દર્શાવેલ શાખાઓ"

(૧) લાલગેટ મેઈન રોડ,(૨) રીંગરોડ,(૩) સુર્યપ્લાઝા–ઉધના દરવાજા,(૪) આઈસીસી ટાવર– રીંગ રોડ,(૫) ઉધના રોડ, (૬) ઘોડદોડ રોડ,(૭) પીપલોદ,(૮) ભટાર રોડ,(૯) અડાજણ,(૧૦) એલ.પી.સવાણી,(૧૧) વેડરોડ,(૧૨) કતારગામ એવલોન, (૧૩)કતારગામ,(૧૪)વરાછા રોડ,(૧૫) હીરાબાગ,(૧૬)સરથાણા,(૧૭)કામરેજ,(૧૮) પુણા,(૧૯)કુંભારીયા,(૨૦) કડોદરા, (૨૧) કલોથ માર્કેટ,(૨૨) વેસુ,(૨૩) સીટી લાઈટ, (૨૪) સોસીયો સર્કલ, (૨૫) સચીન, (૨૬) અલથાણ શાખા.

**નોંધઃ–** (૧) અગાઉ ડ્રો થઈ ગયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના(ફેઝ–૩,૪,૫) ની સ્કીમ કોડ નં.**EWS-38, 41, 42, 43, 45, 47, 48, 49** અને **52** તથા પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૬) ની સ્કીમ કોડ નં.**EWS-40, 53, 55** ના **(ઉત્રાણથી ભેસ્તાન રેલ્વે લાઈન ઝુંપડપટ્ટીના અસરગ્રસ્તો સિવાયના)** વેઈટીંગ લીસ્ટના લાભાર્થીઓ ઉપરોકત નવી સ્કીમમાં જોડાવવા માંગતા હોય તો, તા.૦૧/૧૨/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી (૧૧:૦૦ થી ૨:૦૦, ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી–જાહેર રજાઓ સિવાય) એફોર્ડેબલ હાઉસીગ સેલની કચેરી, ઘાસ્તીપુરા, સુરત ખાતેથી સંમતીપત્ર મેળવી જમા કરાવવાનું રહેશે. સંમતીપત્ર આપનાર લાભાર્થીનું નામ મુળ સ્કીમના વેઈટીંગ લીસ્ટમાંથી રદ થવાપાત્ર છે તથા ફરી મૂળ સ્કીમમાં જઈ શકાશે નહિ.

(૨) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા **EWS-II** ટાઈપ સ્કીમના આવાસો ફકત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવવામાં આવે છે તેમજ તેના હપ્તાની રકમ ફકત **ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડરથી** એફોર્ડેબલ હાઉસીગ સેલની કચેરી ખાતે સ્વીકારવામાં આવે છે. આથી જાહેર જનતાએ કોઈપણ ત્રાહિત વ્યકિતની લોભામણી વાતોમાં આવી જઈ ભરમાવું નહિ કે ભરોસો કરવો નહિ કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે આવાસ બાબતે નાણાંકીય વ્યવહાર કરવો નહિ. જો કોઈ લાભાર્થી અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરશે તો તે અંગેની જવાબદારી જે તે લાભાર્થીની રહેશે. જે બાબતે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહિ.

**<u>અરજી કરવા માટે જરૂરી શરતો :–</u>**

૧. અરજદાર ભારતનો નાગરીક તથા પુખ્ત વયના હોવા જોઈએ.
૨. અરજદાર અથવા અરજદારના પરિવારના કોઈપણ સભ્યના નામે ભારતમાં કોઈપણ જગ્યાએ પાકું મકાન ન હોવું જોઈએ.
૩. અનામત કક્ષા માટે અરજી કરનાર અરજદારે સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
૪. આવાસની ફાળવણી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા કરવામાં આવશે.
૫. અરજી ફોર્મમાંથી શરતો અને વધુ માહિતી મળશે.
૬. ડ્રો વખતે આવાસની સંખ્યામાં ફેરફાર સુરત મહાનગરપાલિકાને આધિન રહેશે.

**<u>આ યોજના બાબતે વધુ માહિતી માટે સંપર્ક કરો:–</u>**

**એફોર્ડેબલ હાઉસીંગ સેલ, વરિયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત.**
**ફોન નં. ૦૨૬૧–૨૪૨૯૫૫૧, ૦૨૬૧–૨૪૨૭૫૫૧.**

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપરથી જાહેરાત ડાઉનલોડ કરી શકાશે.

**પી.આર.ઓ. નં.૪૯૨/૨૦૨૩–૨૪**
**તા.૨૮/૧૧/૨૦૨૩**

**મ્યુનિ.કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**